# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૯ : અંક–૧૮૩ વર્ષ - ૧૬ : ડિસેમ્બર–૨૦૧૨


## આસો વદ ૭, સોમવાર તા. ૨૩-૧૦-૧૯૭૮.
## બહેનશ્રીનાં વચનામૃત–૩૪૧ ઉપર પ્રવચન, પ્રવચન–૧૨૮

**નિજ ચેતનપદાર્થના આશ્રયે અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે. અગાધ શક્તિમાંથી શું ન આવે ? ૩૪૧.**



૩૪૧ બોલ છે. **'નિજ ચેતનપદાર્થના આશ્રયે...'** ચેતનપદાર્થ તો ભગવાન પણ ચેતનપદાર્થ છે પણ અહીંયાં આત્મા નિજ પદાર્થ, જે ત્રિકાળી જ્ઞાયક કહીએ, જેને ભૂતાર્થ કહીએ, જેને સત્યાર્થ કહીએ એવો જે નિજ પદાર્થ ચેતન એને આશ્રયે. આહા..હા..! આ લોકોને આકરું પડે છે એટલે એકાંત છે એમ કહે છે. દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રયથી પણ પમાય તો એ અનેકાંત કહેવાય, એમ કહે છે. આહા..હા..! એ તો મિથ્યા અનેકાંત છે. સમ્યક્ એકાંત તો આ છે કે નિજ પદાર્થ જે પૂર્ણ આનંદ ધ્રુવ સામાન્ય, એનો પરિણામ આશ્રય કરે. ભાષાથી શું કહેવું ? પરિણામ એનો આશ્રય કરે એટલે ? પરિણામ તો પરિણામ છે પણ પરિણામ એ બાજુ ઢળે ત્યારે તેનો આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. આમ છે.

મુમુક્ષુ :– આશ્રય લેવો ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આશ્રય કોણ આપે ? આશ્રય ક્યાં હતો ન્યાં ? ભાષા તો એની શું કહેવું ? **'भूदत्थमस्सिदो खलु'** લ્યો ! એ ભાષા છે. ૧૧મી ગાથા. ભૂતાર્થ આશ્રયે એટલે કે પરિણામ જે પર તરફ વળેલા છે એ પરિણામ તો ત્યાં રહ્યા. પછીના પરિણામ ઉત્પન્ન થયા તે પરિણામને તેમાં વાળ. આહા..હા...! શું ભાષા થાય ? સમય તો એક જ છે. કથન શું થાય ? આહા..હા..!

એ ભગવાનને પકડવો એટલે શું ? પરિણામ જે આ બાજુ ઢળેલા છે, પર્યાય પર્યાય ઉપર રુચિવાળી છે, પર્યાય રાગ ઉપર રુચિવાળી છે એ પર્યાય તો ત્યાં રહી. આહા..હા..! પણ પછીના પરિણામને (આ બાજુ વાળ). ઝીણી વાત, બાપુ ! લોકોને એકાંત લાગે છે, એ બિચારા પોકાર કરે છે. છાપામાં આવ્યું છે. 'બુલંદ શહેર'માં એકદમ આખા શહેરનો પોકાર (છે કે) જેટલું અહીંનું સાહિત્ય છે એને મંદિરમાંથી

બહાર કાઢી નાખો, કાઢી નાખ્યું. અરે..! પ્રભુ ! શું કરે છે ? બાપુ ! ભાઈ ! ભગવાનનો આ પોકાર છે. સવારમાં ન આવ્યું ? કે, શુભભાવ છે એ અજીવ છે, ભાઈ ! એ જીવની જાત નહિ. શુભભાવ.. આહા..હા..! એ અજીવ છે. એટલે ? ચૈતન્ય સ્વભાવનું સ્વરૂપ એમાં નથી. આહા..હા..! એથી તેને ભગવાન અજીવ એમ કહે છે. આહા..હા..! ત્યારે ચેતનપદાર્થ જે ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ એને આશ્રયે... આહા..હા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ **'અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.'** આહા..હા..!

જેના સંગ્રહમાં ગ્રહાયેલું, રહેલું અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એટલે ચારિત્ર વીતરાગતા, એવો જે ભગવાન ચૈતન્ય પદાર્થનો સ્વભાવ, એનો આશ્રય લેતા એટલે કે પરિણતિને અંદર વાળતા. આહા..હા..! કાલે કહ્યું નહોતું ? 'શ્રીમદ્'માંથી કહ્યું હતું કાલે. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે કરી વૃત્તિ અખંડ સન્મુખ,' કરી વૃત્તિ, વૃત્તિ એટલે પરિણતિ. અખંડ નામ દ્રવ્ય સ્વરૂપ અખંડ વસ્તુ. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ મુળ માર્ગ સાંભળો જિનનો રે.' બાપુ ! માર્ગ તો આ છે. આહા..હા..! 'છે દેહાદિથી ભિન્ન આત્મા રે,' દેહાદિ એટલે દેહ, કર્મ, પુણ્ય ને પાપના ભાવ 'એનાથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ' એ તો જ્ઞાન દર્શનના ઉપયોગવાળું તત્ત્વ છે, પ્રભુ ! ચેતનપદાર્થ કહો કે ઉપયોગ સ્વરૂપ કહો. ત્રિકાળ, હોં ! આહા..હા..! 'ઉપયોગી સદા અવિનાશ' અવિનાશ છે, એ તો ધ્રુવ છે. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે' આ માર્ગ છે. આહા..હા..! આ શબ્દોમાં આ રીતે સાદી ભાષામાં કહેવાણું. આહા..હા..!

નિજ ચેતનપદાર્થ એટલે પર ભગવાન પદાર્થ એ નહિ. આહા..હા..! નિજ ભૂતાર્થ પદાર્થ. પ્રમત્ત અપ્રમત્ત દશા વિનાનો જે જ્ઞાયક ભાવ. આહા..હા..! એવો જે નિજ ચેતન પદાર્થ. આહા..હા..! **'એને આશ્રયે અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ...'** આહા..હા..! પર્યાયમાં અનંતા જેટલા ગુણો છે, અદ્‌ભુત સ્વભાવના સામર્થ્યથી ભરેલા, એનો આશ્રય કરતાં તારી પર્યાયમાં પ્રભુ ! તને અનંત વિભૂતિ પ્રગટ થશે. આહા..હા..! કેમકે જેટલા ગુણો છે તેટલા ગુણોનું એકરૂપ વસ્તુ ચેતનપદાર્થ, એનો આશ્રય કરતાં પરિણામને દ્રવ્યનો ભેટો થતાં. આહા..હા..! ભગવાનમાં જે અનંતી વિભૂતિ પડી છે એ અનંત વિભૂતિ, અદ્‌ભુત આત્મિક વિભૂતિ, જોયું ? પેલી ધૂળની ને આ તારા પૈસા કરોડ ને બે કરોડ ને ધૂળ માટીના પિંડલા એ (વિભૂતિ) નહિ. આહા..હા..! શું કીધું ?

મુમુક્ષુ :– ઝવેરાત હોય તોય માટીના ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઝવેરાત શું મોટા હીરા કરોડ નથી ? દસ કરોડનો ઓલો નહોતો ? (આપણે મુમુક્ષુના) મામા 'સરદારશહેર'માં દસ કરોડ હતા. તે દિ', હોં ! અત્યારે તો એની કિંમત વધી ગઈ હવે. પણ કેટલા કરોડના હીરા ભરેલા પટારામાં. આપણે (મુમુક્ષુ છે) એના મામા. દસ કરોડ તો તે દિ' કહેવાતા. આ તો પચાસ વર્ષ પહેલાંના. અત્યારે તો હવે વધી ગઈને. આહા..હા..! હીરા ભરેલા એકલા. આહા..હા..! પણ એ જ્યારે કપડા સિવડાવે સઈ પાસે અને ઓલી શું કહેવાય દોરાની ? રીલ. એ દોરા થઈ રહે ને રીલ રહે ને ? રીલ, એ લઈ લે પોતે. આહા..હા..! અને શીશી દવાની દવા થઈ રહે તો એ શીશી વેચવા જાય. માણસને મોકલે ભલે. અરે..રે..! પ્રભુ ! શું કરે છે તું ? ઇ કહેતા કો'ક, હોં ! એટલે સાંભળેલું છે આપણે.

મુમુક્ષુ :– પૈસો મારો પરમેશ્વર એમ માન્યું છે એમ ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અર..ર..ર..! બાપુ ! પરમેશ્વર તો ચૈતન્ય પદાર્થ ભગવાન પૂર્ણ પરમેશ્વર (છે). આવતું નથી ? ૩૮ ગાથામાં નથી આવ્યું ? મારા પરમેશ્વરને હું ભૂલી ગયો. ૩૮ ગાથામાં આવે છે. આહા..હા..! પરમ ઈશ્વર, પરમ શક્તિઓનો ભંડાર સાગર નાથ આત્મા. આહા..હા..! અરે..! બાળ ગોપાળ, બાળક ભલે એ આઠ વર્ષની કન્યા હો પણ જેણે આ અદ્‌ભુત નિજ પદાર્થનો આશ્રય કર્યો તો એને... ભાષા છે ને ? 'સર્વ ગુણાંશ તે સમકિત' એનો અર્થ ઇ છે કે, અનંત વિભૂતિ અદ્‌ભુત પ્રગટશે, ભાઈ ! આહા..હા..! બીજો કોઈ રસ્તો નથી. આહા..હા..!

ક્યાંક શાસ્ત્રમાં એવું આવ્યું હોય કે, કર્મકાંડથી

જ્ઞાનકાંડ થાય. 'પ્રવચનસાર'માં આવે છે, છેલ્લે. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, ભાઈ ! એવા કર્મકાંડ તો અનંતવાર કર્યા છે પણ છતાં કેમ ન થયું ? આહા..હા..! અહીં તો કર્મકાંડ જે છે એ તો અજીવ છે, એમ કીધું ભગવાને તો. આહા..હા..! એ વ્રત ને તપ ને બધા જેટલા વિકલ્પ ઊઠે છે, પ્રભુ ! એ તો આસ્રવ તત્ત્વમાં કહ્યું છે ને પ્રભુએ. એ તો પુણ્યાસ્રવ છે. આહા..હા..! એનાથી સ્વભાવનો આશ્રય થઈ શકે ? જેનાથી જુદું પાડવું છે તેને આશ્રયે અંદર જઈ શકે ? આહા..હા..!

અહીંયાં કહે છે, નિજ પદાર્થ ચેતનપદાર્થ. નિજ પદાર્થ છે કોણ ? કે, ચેતનપદાર્થ છે એ. આહા..હા..! જાગૃત સ્વભાવ સ્વરૂપ પદાર્થ છે એ. એકલો ઉપયોગ જ્ઞાયકભાવ. એમાં અવિનાભાવી અનંત ગુણ ભલે હો. આહા..હા..! એ ચેતનપદાર્થ જે નિજ તેને આશ્રયે. આહા..હા..! ભગવાન નવમી, દસમી, અગિયારમાં એમ કહ્યું, છઠ્ઠીમાં એ કહ્યું અને એકસો છપ્પનમાં એમ કહ્યું. **'વિદ્વજનો ભૂતાર્થ ત્યજી વ્યવહારમાં વર્તન કરે, પણ કર્મ ક્ષયનું વિધાન તો...'** કર્મ ક્ષય તો નિજ આત્માને આશ્રયે થાય છે. આહા..હા..! પરમાર્થ આશ્રિત સંતને, એમ છે ને શબ્દ ? **'પણ કર્મ ક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને.'** ભગવાન પરમાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ એને આશ્રયે મુક્તિ થાય. એને આશ્રયે માર્ગ થાય ને એને આશ્રયે મુક્તિ થાય. આહા..હા..! ભગવાનનો આમ પોકાર છે ને એને તમે એકાંત કહો, પ્રભુ ! આહા..હા..! ધર્મને લાંછન આવે છે, પ્રભુ ! આહા..હા..!

અહીંયાં તો ભગવાન પૂર્ણ આનંદ છે તેનો આશ્રય છોડી અને રાગના આશ્રયથી લાભ મનાવે, પ્રભુ ! એ લાંછન છે. આહા..હા..! એ પરમ પદાર્થ મહાપ્રભુ, એનો અનાદર કરવા જેવું છે, ભાઈ ! આહા..હા..! વીતરાગ સ્વભાવથી ભરેલો નિજ પદાર્થ એને આ રાગના આશ્રયે લાભ થાય ? આહા..હા..! ભગવાન ભિખ માગે, આહા..હા..! રાગની ભિખ માગે કે, રાગ મને થાવ, રાગ મને થાવ, એનાથી મને કલ્યાણ થશે. અરે..! પ્રભુ ! આહા..હા..! એ ભિખારાવેડા છોડ. આહા..હા..!

નિજ ચેતનપદાર્થ ભગવાન પૂર્ણ જ્ઞાયક ભાવ, ભૂતાર્થ ભાવ, સત્યાર્થ ભાવ, ત્રિકાળભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, એકરૂપભાવ, સદશરૂપભાવ. આહા..હા..! એને આશ્રયે અનંત અદ્‌ભુત પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા (થાય). શક્તિવંત નિજ પદાર્થનો જેણે આશ્રય લીધો.. આહા..હા..! એની વર્તમાન પર્યાય–દશામાં– અનંત અદ્‌ભુત વિભૂતિ પ્રગટે છે. આહા..હા..! અનંત આત્મિક વિભૂતિ, આટલા શબ્દો પડ્યા છે ને ? અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ. આહા..હા..!

તારે શું કરવું છે ? પ્રભુ ! બીજું શું કરવું છે ? બાકી તો બધું કર્યું તેં. બધું એટલે ? શુભ-અશુભભાવ અનંત વાર કર્યા, ભાઈ ! એમાં કાંઈ હાથ ન આવ્યો ભગવાન. કેમકે એ એમાં નથી, શુભ-અશુભભાવ સ્વરૂપમાં નથી. એ તો ચેતનપદાર્થ છે. જ્ઞાન જાગતી, જાગતી જ્યોત બળે છે અંદર. આહા..હા..! એને આશ્રયે, ભગવંત ! તારા નિજ પદાર્થને આશ્રયે. આહા..હા..! અનંત અદ્‌ભુત (આત્મિક વિભૂતિ પ્રગટે). કેમકે વસ્તુ છે એ અદ્‌ભુત શક્તિનો ભંડાર છે. એનો આશ્રય લેતા **'અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.'** આહા..હા..! એક લીટી પંક્તિએ તો ગજબ છે ! આહા..હા..!

બાર અંગમાં પણ એ કહ્યું છે. આવ્યું છે ને કળશમાં ? બાર અંગ કોઈ અપૂર્વ ન કહેવાય. આહા..હા..! પણ એમાં અનુભૂતિ કીધી છે ભગવાને, એમ કીધું. આહા..હા..! અનુભૂતિ એટલે ? ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લઈને અનુભવ કરવો એ અનુભૂતિ. આહા..હા..! પ્રભુ ! એને તું ભલે એકાંત કહે પણ એ પ્રભુ એ સમ્યક્ એકાંત છે. આહા..હા..! 'શ્રીમદ્'માં નથી આવ્યો એક ટુકડો ? અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અનેરો કોઈ હેતુ નથી. એ ત્યાંય કહ્યું છે.

અનેકાંત પણ–દ્રવ્ય ને પર્યાય બે અનેક છે અનેકાંત છે, અનેક ધર્મ છે. એમાં પણ સમ્યક્ એકાંત– ત્રિકાળી સ્વભાવનો આશ્રય તે સમ્યક્ એકાંત. આહા..હા..! એના સિવાય નિજપદની પ્રાપ્તિનો બીજો કોઈ હેતુ નથી, પ્રભુ ! આહા..હા..! નિજ પ્રભુતાનું માહાત્મ્ય ન આવે

અને એ રાગની ક્રિયાનું માહાત્મ્ય આવે, પ્રભુ ! એ તો અજીવનું માહાત્મ્ય છે, ભાઈ ! આહા..હા..! નિજ પદાર્થના આશ્રયે, ચૈતન્ય નિજ પદાર્થના આશ્રયે, ચૈતન્ય પદાર્થના અવલંબે. આહા..હા..!

ઊંચે ચડવું હોય તો આમ દોરડાનું આલંબન લે છે ને ? એમ ભગવાનને ઊંચે અંતરમાં જાવું હોય તો આત્માનું અવલંબન લેવું પડે એને. આહા..હા..! તો ઊંચે જાશે હેઠે છે તે. રાગની ક્રિયામાં એકત્વ છે ને ? પ્રભુ ! એ હેઠે છો, પ્રભુ ! એને ઊંચે જાવું હોય તો દ્રવ્યનું, દ્રવ્યનું આલંબન લેવું પડશે. આહા..હા..! આવી વાતું છે હવે. સાધારણ માણસને સાંભળતા કઠણ પડે એટલે બીજો રસ્તો લઈ લીધો. ભાઈ ! બીજો નહિ એવો હોય. આહા..હા..!

માથે મોતના નગારા વાગે છે, નાથ ! કે સમયે પૂરું થશે ? આહા..હા..! જુઓને ! ઘડીકમાં કાંઈક થઈ જાય છે. આ (મુમુક્ષુને) અત્યારે આમ પીડા (છે). કાલથી ન્યાં લઈ ગયા છે, કાલ આવ્યા હતા, જોયું. હું હેઠે ઉતર્યો. શ્વાસ તો હતો પણ અહીં કાંઈક હશે મૂંઝવણ બહુ. આ બધો હાડકાનો માળો, માંસનો લોચો એમાં ક્યાંક લોહીને આમ દબાણ થઈ જાય. ભગવાન તો અંદર ભિન્ન છે. આહા..હા..!

મુમુક્ષુ :– ભગવાન મુંઝાય ગયો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ મુંઝાણો છે એ પોતાનું છે એમ માનીને મૂંઝાણો છે. એ વસ્તુમાં મુંઝવણ નથી, વસ્તુમાં તો મિથ્યાત્વભાવ તે વસ્તુમાં નથી. આહા..હા..! એ તો કહ્યું નહિ સવારમાં ? રાગની એકતાબુદ્ધિ એવો જે અધ્યવસાન એ મિથ્યાત્વ છે. એ અજીવ છે. ભગવાન સ્વરૂપમાં એ છે નહિ. આહા..હા..! મિથ્યાદષ્ટિરૂપ મિથ્યા શલ્ય એ ભગવાન સ્વરૂપમાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :– દ્રવ્યના સ્વરૂપમાં નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પર્યાયને લક્ષે, નિમિત્તને લક્ષે પર્યાયમાં પર્યાયના ભાવથી ઉત્પન્ન થયેલો, ગુણભાવથી નહિ. આહા..હા..! ભગવાનમાં અનંત ગુણ છે પ્રભુમાં તો. એ કોઈ ગુણને અવલંબે મિથ્યાત્વ થાય ? વસ્તુમાં નથી ત્યાં. આહા..હા..!

મુમુક્ષુ :– એક ગુણનું અવલંબન લે તો રાગ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો ભેદ પાડે તો. એક ગુણનું કારણ તો એમ કહ્યું છે, 'પ્રવચનસાર'માં અસાધારણ જ્ઞાન કારણને ગ્રહીને. આહા..હા..! પાઠ તો એવો છે ત્યાં, 'પ્રવચનસાર'. પ્રથમ (અધિકાર). અસાધારણ કારણ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, જે બીજામાં નથી, જે બીજો એવો નથી.

મુમુક્ષુ :– જ્ઞાન કહીને દ્રવ્ય કહેવા માગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ્ઞાન એટલે જ એ આખો આત્મા. કારણ કે, જાણનાર જ્ઞાન છે, બીજા ગુણો જાણનાર નથી. પોતાનું અસ્તિત્વ ધરાવે છે, બીજા ગુણો પોતાની હયાતી ધરાવે છે પણ એ પોતે પોતાને જાણતા નથી. આહા..હા..! એથી એ જ્ઞાન ગુણ જ બધાને જાણે છે. પોતાને જાણે છે અનંતા દ્રવ્યને પોતાના, અનંતા દ્રવ્યને, અનંતા ગુણને, અનંતી પર્યાયને અને વર્તમાન પોતાની અનંતી પર્યાયને (જાણે છે). ભિન્ન ભિન્ન જે અસ્તિત્વ છે તે તે પર્યાય તેને જાણતી નથી. આહા..હા..!

એવી જે જ્ઞાનની પર્યાય જ્ઞાયકભાવને અવલંબે જે થાય, તે પર્યાય પોતે સ્વતંત્ર અનંત ગુણથી ભિન્ન (છે). અને ખરેખર તો એ પર્યાય છે એ શ્રદ્ધાની પર્યાયને કારણે સમ્યક્ પર્યાય થઈ એમ પણ નથી. આહા..હા..! દરેક ગુણની પર્યાય સ્વતંત્ર પોતાથી થાય છે. આહા..હા..! અરે..રે..! એ નિજ દ્રવ્યને આશ્રયે જે અનંત વિભૂતિમાં જ્ઞાન પર્યાય પ્રગટી, સ્વને પકડવાની જે પર્યાય, એ પર્યાય પણ નિશ્ચયથી તો ષટ્કારકના કારણોથી પરિણમીને પ્રગટી છે. આહા..હા..! આશ્રય કર્યો ભલે આ બાજુ, પણ એ પોતે પ્રગટી છે એ ષટ્કારકથી પોતે પ્રગટી છે. એ પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કારણ એ જ પર્યાય સંપ્રદાન, એ જ પર્યાય અપાદાન, એ જ પર્યાય અધિકરણ. આહા..હા..! આવી વાત છે. કારણ કે, દ્રવ્ય છે એ તો ધ્રુવ કૂટસ્થ છે, અપરિણામી છે. આહા..હા..!

મુમુક્ષુ :– એવું તો કાંઈ શ્વેતાંબરમાં લખ્યું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શ્વેતાંબરમાં ક્યાં હતું ? એ

બિચારાને દુઃખ લાગે એને, હોં ! પણ એ વસ્તુ નથી, ભાઈ ! આ તો દિગંબર સંતો એટલે કેવળીઓના કેડાયતો. આહા..હા..! અરે..! ભાઈ ! આ પક્ષ નથી, ભાઈ ! આ તો વસ્તુનો સ્વભાવ આમ છે. આ દિગંબર પક્ષ આમ માને છે, શ્વેતાંબર (આમ માને છે). અરે..! પ્રભુ ! એમ નથી. એ વસ્તુ એવી છે. વીતરાગમૂર્તિ પ્રભુ છે એને આશ્રયે જે વિભૂતિ પર્યાય પ્રગટે તે વીતરાગી પ્રગટે. રાગને આશ્રયે આ પ્રગટે ને રાગથી આ થાય, એવો વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

'મોક્ષમાર્ગ'માં આવ્યું છે શ્વેતાંબરનું જ્યાં લખાણ છે ને છેલ્લું ? એ લોકો શુભથી સ્વર્ગ પણ માને ને શુભથી મોક્ષ પણ માને. છેલ્લો શબ્દ છે, પાંચમા શ્વેતાંબરના છેલ્લો. છેલ્લો બતાવ્યો છે. આહા..હા..! છે અહીં ? આ 'મોક્ષમાર્ગ' છે ને ? પાંચમો. '**વળી તેઓ વ્રતાદિરૂપ શુભ ઉપયોગથી જ દેવગતિનો બંધ માને છે તથા તેને પાછો મોક્ષમાર્ગ માને છે.**' આહા..હા..! પાંચમો અધિકાર. આકરું પડે, પ્રભુ ! શું થાય ? રાગથી જે ધર્મ માને એ અન્ય મત છે, એ જૈન મત જ નથી. આહા..હા..! જૈન મત તો વીતરાગમૂર્તિ પ્રભુ, એ વીતરાગ પર્યાયે તેને ધર્મ થાય, એનું નામ જૈન ધર્મ ને જૈન મત છે. આહા..હા..! શું થાય ? એ તો બંધમાર્ગ ને મોક્ષમાર્ગને એક કર્યો પણ એ મિથ્યા છે. દુઃખ લાગે. એ પણ કહ્યું છે ને ? 'મોક્ષમાર્ગ'માં એવો ક્યો માર્ગ છે કે, બીજાને બધાને ઠીક લાગે ? શું થાય ? ભાઈ ! આહા..હા..! પ્રભુ ! તારી પણ કરુણાથી વાત છે, નાથ ! તું દુઃખમાં લઈ લે એમ ન હોય, ભાઈ ! આહા..હા..!

ભગવાન અંદર પરમાત્મ સ્વરૂપ કૃતકૃત્ય ભગવત સ્વરૂપ બિરાજે છે એના આશ્રયથી લાભ થાય કે પર ને રાગના આશ્રયેથી થાય ? આહા..હા..! મોટપને મૂકી દઈને હીનની દશા લીધી. આહા..હા..! ભગવાન મહાપ્રભુ, એને અવલંબે '**અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.**' આહા..હા..! '**અગાધ શક્તિમાંથી શું ન આવે ?**' આહા..હા..!

મુમુક્ષુ :– પૈસા ન આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગેય ન આવે. આહા..હા..! કહો ભાઈ ! આવી વાતું છે, પ્રભુ ! ભાઈ ! દુનિયાને બહુ આકરી લાગે. અહીંનું સાહિત્ય પ્રભુ ! અહીંનું સાહિત્ય સમ્યક્ ચૈતન્યનો આશ્રય લેવાની વાત કરે છે. આહા..હા..! ગમે એટલી વાતું લખી હોય લાખ, કરોડ પણ અહીનું સાહિત્ય એટલે પ્રભુને આશ્રયે થાય છે. આહા..હા..! એ સ્વરૂપ ભગવાન, જેને ભૂતાર્થ કહ્યો અગિયારમી ગાથાએ, જેને જ્ઞાયક કહ્યો છઠ્ઠી ગાથાએ, જેને ૧૫૬ ગાથાએ વ્યવહાર તજી ભૂતાર્થ કહ્યો જેને. આહા..હા..! પ્રભુ ! એ તને મોંઘું પડે પણ માર્ગ તો આ છે. આહા..હા..!

ધર્મીને શુભભાવમાં પણ રસ નથી, આવે છે (પણ) રસ નથી. તો પછી કોઈ અશુભભાવમાં રસમાં જોડાય જાય અશુભમાં તો તો એની દૃષ્ટિ રહેતી નથી. શું કહ્યું ઇ ? શુભભાવ પણ જ્યાં સોહાતો નથી, એનો રસ નથી. રસ તો ભગવાનનો રસ છે તેનો રસ છે. આહા..હા..! એમાં પણ કોઈ જીવ સ્વચ્છંદી થઈને અશુભરસના રસમાં ચડીને માને કે, મારે અશુભભાવ હોય તો પણ નિર્જરા છે. ભાઈ ! એમ નથી. એ શું યાદ આવ્યું ? જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. ભાઈ ! એ શું કહ્યું ? બાપુ ! આહા..હા..! જ્ઞાનીને જે વિકલ્પ ઊઠે છે, એ છે તો દુઃખરૂપ. ભોગથી નિર્જરા ? તો તો પછી ભોગના ભાવને છોડવું એ તો રહેતું નથી. એ તો દૃષ્ટિનું જોર બતાવીને જેને જ્ઞાયક ચૈતન્ય મહાપ્રભુ જેની દૃષ્ટિમાં વર્તે છે એને કોઈ ભાવ આવ્યો પણ એ એને દૃષ્ટિની અપેક્ષાએ અલ્પ સ્થિતિ રસ પડે છે તેને ન ગણ્યો, એમ કહ્યું છે. પણ એ અશુભભાવમાં રસ આવીને, પ્રેમ આવીને થઈ જાય તો તો તે દ્રવ્યનો આશ્રય રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી ખસી જાય છે. જ્ઞાનીને જે અશુભભાવ આવે એ કાળા નાગ જેવું દુઃખ લાગે છે એને. આહા..હા..! એનો એને રસ નથી, એમાંથી સુખબુદ્ધિ ઉડી ગઈ છે, ભાઈ ! ભગવાન આનંદનો નાથ એમાં સુખબુદ્ધિ રોકાય ગઈ છે ત્યાં. આહા..હા..!

'**અગાધ શક્તિમાંથી શું ન આવે ?**' આહા..હા..!

ભગવાન તો અગાધ શક્તિનો ભંડાર પડ્યો છે ને, પ્રભુ ! આહા..હા..! જેની સિદ્ધની પર્યાય પાછળ પણ તેની મોટપનો પાર નથી. સિદ્ધની તો એક સમયની પર્યાય છે ને એવી અનંતી અનંતી પર્યાયોનો ભરેલો એક ગુણ, એવા અનંતા ગુણનો ભંડાર અગાધ શક્તિનો ભંડાર પ્રભુ છે. આહા..હા..! એનો આશ્રય લેતા, એનું અવલંબન લેતા શું ન પ્રગટે ? આહા..હા..!

'ભરત' ચક્રવર્તી, જેને બત્રીસ કવળનો આહાર. એનો એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી ન શકે. એવો એનો બત્રીસ કવળનો ખોરાક. એક કવળની અબજોની કિંમત. હીરા ને માણેક એને ભસ્મ કરી અને ઘીમાં નાખ્યા હોય અને એમાં ઘઉં નાખ્યા હોય. એ ઘઉં પીય જાય, એની બનાવે રોટલી. આહા..હા..! એવા બત્રીસ કવળનો આહાર. આહા..હા..! છતાં એ વિકલ્પ છે એ રસવાળો નથી. બત્રીસ કવળનો એક કવળ છન્નું કરોડ પાયદળ ન પચવી શકે એવો જેનો ખોરાક. આહા..હા..! છતાં તે ખોરાક પ્રત્યેનો અશુભભાવ છે, એમાં રસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ અગાધ શક્તિનો નાથ પ્રભુ ! આહા..હા..! એમાંથી શું ન આવે ? એ સવા બે લીટી થઈ. આહા..હા..! અગિયારમી ને છઠ્ઠીનો સાર છે આ. આહા..હા..! ૩૪૨ મોટું છે.

---

**'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો**

છે; પુરુષાર્થ ઊપડે તે તો નજીક મુક્તિગામી છે. - અલ્પકાળમાં તેનો મોક્ષ થાય જ. (૩૦)

❋

આત્માર્થીને દેહ છૂટવા સંબંધી વિષાદ હોય નહિ; તેની સ્વભાવની રુચિ આ વિષાદને ટાળે છે અથવા તે પોતાના પ્રયત્નમાં પડેલો છે; ત્યાં દેહની ચિંતાનો કોઈ પ્રકારે અવકાશ નથી. (૩૧)

❋

'નયપક્ષના વિકલ્પ રહિત, એકાકાર મારું સ્વરૂપ છે. તેમ પ્રથમ દૃઢ રહેવું જોઈએ;' - નિઃશંક થવું જોઈએ; પછી વિકલ્પ થાય, તોપણ તે તોડીને (ઉક્ત દૃઢતાથી) સ્વભાવ પ્રતિ જવું જોઈએ. (૩૨)

❋

લોભ : યોગ્ય સ્થાનમાં ધનના વ્યયનો અભાવ.

માયા : (ગુપ્ત પાપરૂપ ભાવ) પાપને ગુપ્ત રાખવાનો ભાવ. (૩૩)

❋

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ડિસેમ્બર–૨૦૧૨નું) શુલ્ક શ્રી સુમતિલાલ શિવલાલ શાહ પરિવાર, (યુ.એસ.એ.) શિકાગોના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



# શ્રી અનુભવ સંજીવની, વચનામૃત–૧૦૨૭ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૧૦ (તા.૧૬-૧-૧૯૯૭, ભાવનગર)

**જે એકરૂપ જ્ઞાનાકારે પ્રગટપણે પ્રકાશમાન છે, જે સર્વદા અચળ અને નિરાબાધ રહે છે, તે જીવનું સ્વરૂપ જ્ઞાયકપણું અત્યંત અનુભવનું કારણ છે, અનુભૂતિ સ્વરૂપ છે. પર તરફ જોતાં અર્થાત્ પોતામાં પોતાને નહિ જોતાં, પણ પોતામાં - પર ન હોવા છતાં – પરને જોતાં (પરના પ્રતિભાસમાં પરના અસ્તિત્વનો ભ્રમ થવાથી) પોતે પોતાની વિદ્યમાનતાને ભૂલે છે. પરંતુ અનુભવગોચર થતું સ્પષ્ટ ચૈતન્ય, તે જીવનું સ્વરૂપ, તે જીવ પ્રત્યે (પોતા પ્રત્યે) ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે–વેદાય છે, પોતે પોતાથી પરોક્ષ શી રીતે રહેવા યોગ્ય છે ? પોતે તો પ્રત્યક્ષ જ છે, પ્રત્યક્ષને પ્રત્યક્ષપણે જોતાં વેદન પ્રત્યક્ષતા આવિર્ભૂત થાય છે. અનંત જ્ઞાનીઓ પ્રતીતિમાં પોતાને પ્રત્યક્ષ કરી કરીને અજર અમર થયા. – આ સ્વમાં અભેદજ્ઞાનનો પ્રયોગ છે. (૧૦૨૭)**

**'જે એકરૂપ જ્ઞાનાકારે પ્રગટપણે પ્રકાશમાન છે, જે સર્વદા અચળ અને નિરાબાધ રહે છે, તે જીવનું સ્વરૂપ જ્ઞાયકપણું અત્યંત અનુભવનું કારણ છે,...'** શું કહે છે ? જે એકરૂપે જ્ઞાનાકારે પ્રગટપણે પ્રકાશમાન છે. આત્મસ્વરૂપ. અને **'જે સર્વદા અચળ અને નિરાબાધ રહે છે,...'** એવું જે જીવનું સ્વરૂપ છે તે આ પ્રકારે સદાય છે. પછી કેમ એ ભુલી જવાય છે ? એ વિષયમાં કેમ ભુલ થાય છે ? એ પછી લીધું છે. પણ કોઈ જોવા માગે તો જીવનું સ્વરૂપ પ્રકાશમાન છે અને પ્રકાશમાન છે એ કેવી રીતે છે ? એ જ્ઞાનાકારે પ્રકાશમાન છે. જ્ઞાનસામાન્ય લેવું. સામાન્યજ્ઞાનસ્વરૂપે જીવ પોતે સદાય પ્રકાશમાન રહે છે. જીવના સ્વરૂપથી કદી એ વિચલિત (થતું નથી). પોતે પોતાના સ્વરૂપથી કદી વિચલિત થઈ અજીવ સ્વરૂપે થઈ જાય, વિભાવ સ્વરૂપે થઈ જાય એવું તો બની શકતું નથી.

નિરાબાધ રહે છે એટલે એને કોઈ બાધા પહોંચાડી શકે એવું પણ નથી. નાશ કરવાની તો બહુ દૂરની વાત છે, એ તો સવાલ જ નથી, પણ એને કોઈ ઇજા કરી શકે, બાધા પહોંચાડી શકે એવી પણ કોઈ વસ્તુસ્થિતિ નથી. આમ જુઓ તો કોઈ સ્પર્શી શકે એવી પરિસ્થિતિ નથી. અસ્પર્શ સ્વભાવી હોવાથી પોતે પણ કોઈને સ્પર્શ ન કરી શકે, કોઈ પર પોતાને સ્પર્શ ન કરી શકે. અસ્પર્શમાં બેય આવે છે. અરસપરસ બન્નેનો સ્પર્શ. અસ્પર્શ એટલે પોતાને સ્પર્શ નથી, સ્પર્શગુણ નથી એટલે સ્પર્શની પર્યાય નથી. હલકી, ભારે, સુંવાળી, ખરબચડી, ઠંડી, ઊની કોઈ અવસ્થા નથી. પણ બીજો કોઈ પણ સ્પર્શ કરી શકે, જડ કે ચેતન પદાર્થ, એવું પણ જીવનું સ્વરૂપ નથી. એવું સર્વદા એટલે હંમેશાં અચળ રહે છે અને નિરાબાધ રહે છે. એવું જે જ્ઞાયકપણું છે, જે જ્ઞાયકપણાથી પકડાય છે, જ્ઞાયકપણાથી ગ્રહણ થાય છે તે અત્યંત અનુભવનું કારણ છે. એટલે કે અત્યંત અનુભૂતિસ્વરૂપ જ છે.

જ્ઞાનમાં હજી જ્ઞેયોની અનેક આકૃતિ થવાથી જ્ઞાનવિશેષ છે એમાં અનેક પર્યાયો, વિધવિધ પર્યાયો વિચિત્ર પર્યાયો જ્ઞેય અનુસાર થાય. પણ અહીંયા જે અનુભૂતિસ્વરૂપ છે એમાં એવું વિચિત્રપણું કાંઈ નથી.

એ પણ જ્ઞાનની જ પર્યાય છે. અનુભવ પણ જ્ઞાનની જ પર્યાય છે. જાણવું એ પણ જ્ઞાનની પર્યાય છે. વેદવું અને અનુભવવું એ પણ જ્ઞાનની જ પર્યાય છે. અધ્યાત્મના પ્રકરણમાં વેદનની પ્રધાનતા છે, જાણવાની નહિ. પણ વેદન માલુમ પડવું, જ્ઞાનમાં જ્ઞાનવેદન માલુમ પડવું, એ સામાન્યપણે પ્રાથમિક અવસ્થામાં બની શકતું નથી. એટલે જાણવારૂપ જ્ઞાનથી વેદન સુધી દોરી જવાની જ્ઞાનીઓની યોજના હોય છે.

કેમકે જાણવું, જાણવું એ બધાને માલુમ પડે છે કે હું જાણી રહ્યો છું. જાણવાનું મને થઈ રહ્યું છે. એ અનેક જ્ઞેયાકારોને જાણવું, અનેક જ્ઞેયોને જાણવું એ અત્યંત સ્થૂળ છે. એટલે એનાથી બધા પરિચિત છે. એટલે ત્યાંથી સ્વલક્ષ કરાવવાનો યોજનામાં એક પ્રકાર છે. સ્વલક્ષ ત્યાંથી કરાવે છે કે જો તું જાણે છે ને તે જ તું છો. જાણે છે તે તું છો. પણ જે અનેકપણું, જાણવામાં અનેકને જાણે છે એવું અનેક ભાવે, અનેક પ્રકારે, અનેક આકારે જીવનું સ્વરૂપ નથી. એ જ્ઞાનવિશેષ છે અને એને ગૌણ કરાવે છે. અધ્યાત્મમાં એને ગૌણ કરાવે છે.

મુમુક્ષુ :– અનેકને જાણવાનું એ જીવનું સ્વરૂપ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, અનેકને જાણતા જ્ઞાનમાં જે અનેકવિધપણું જણાય છે ને ? જ્ઞાન જ્ઞેયાકારે થાય એટલે જ્ઞાનની પર્યાય પણ અનેક પ્રકારે થાય છે. જીવનું મૂળ સ્વરૂપ એકરૂપ છે, અનેકરૂપ નથી. જીવ પોતાના મૂળ સ્વરૂપથી અજાણ્યો છે. અનેક જ્ઞેયોને જાણનારા જ્ઞાનથી તો પોતે પરિચિત છે છતાં પણ તેનાથી આત્મસ્વરૂપ જણાતું નથી. જણાય છે ? બધાય કહે છે કે હું જ્ઞાનથી જાણું છે. અને જાણવા જાણવામાં પરજ્ઞેય સાથેનો સંબંધ કરી લ્યે છે. પરજ્ઞેયનું પ્રતિબિંબ પડતું હોવાથી ભ્રાંતિગતપણે પરજ્ઞેયનો સંબંધ કલ્પે છે. એમાંથી રાગ, દ્વેષ, મોહ, વિભાવ બધા ઉત્પન્ન થઈ જાય છે. એમ કહે છે કે તું જાણે છે, તો તું તને જાણ. તને જાણતાં તને એમ માલુમ પડશે કે હું તો એકરૂપ જ્ઞાન તે મારું સ્વરૂપ છે. એમાં પણ સ્વસંવેદન અને અનુભવ છે એ મારું સ્વરૂપ છે.

અહીંયા એક વિધિ-વિષયક Under tone છે. આંતરધ્વનિ. જીવનું જે સ્વરૂપ કહ્યું, એકાકાર, એકરૂપ જ્ઞાનાકાર, સદાય અચળ અને અવ્યાબાધપણે પ્રકાશમાન તે અત્યંત અનુભવનું કારણ છે. તે અનુભવનું કારણ છે એટલું ન લીધું પણ અત્યંત કારણ છે. અનુભવનું અત્યંત કારણ છે અને એકમાત્ર એ જ કારણ છે. એવું સ્વરૂપને વિષે એક કારણપણું હંમેશાં હંમેશાં મોજૂદ છે. તે કારણપણું પણ અનંત છે. અનંત એટલા માટે છે કે ક્યારેય પણ તે કારણપણું મટતું નથી માટે. જેમ શુદ્ધપણું ક્યારેય મટતું નથી તેથી અનંત શુદ્ધત્વ છે. એમ કારણપણું મટતું નહિ હોવાથી અનંત કારણપણું છે. એટલે એને અત્યંત કારણપણું કહ્યું છે.

એક દૃષ્ટાંત લઈએ કે આકાશની અંદર પૂનમનો ચંદ્ર ઉગ્યો હોય અને થોડા વાદળા પણ હોય. બહુ ચોખ્ખું આકાશ ન હોય તો કોઈ એમ કહે કે મને પૂનમનો ચંદ્ર હોવા છતાં દેખાતો નથી. પૂનમનો ચંદ્ર એટલે પૂર્ણચંદ્ર–આખો. બીજા દિવસોમાં અધૂરો હોય છે ને ? એ પૂનમને દિવસે પૂર્ણ ચંદ્ર હોવાથી ઇ દિવસનું નામ પૂનમ રાખ્યું છે. પૂર્ણતા સૂચક નામ છે. પૂનમ એટલે પૂર્ણતા. ત્યારે કોઈ માણસ એમ કહે કે આવડો મોટો ચોખ્ખો ચાંદો સામાન્ય વાદળા છે ને તને દેખાતો નથી ? એને કોઈ પૂછે કે એને દેખાવાનું કારણ શું છે ? તો કહે, એનું પ્રકાશમાનપણું. આકાશમાં તે પ્રકાશતો હોવાથી દેખાય છે. અમને આશ્ચર્ય થાય છે કે તને કેમ દેખાતો નથી. વાદળા તો થોડા સાધારણ છે. એમાં આવડો મોટો ચાંદો–પ્રકાશનો પુંજ ન દેખાય એ કેમ બને ? કેમકે એનું જે પ્રકાશપણું છે તે અત્યંત એની વિદ્યમાનતાને પ્રકાશે છે. એનું પ્રકાશમાનપણું એની વિદ્યમાનતાને અત્યંતપણે પ્રકાશે છે.

એ દૃષ્ટાંતે જ્ઞાયકપણું છે એ અત્યંત અનુભવનું કારણ છે. ચોખ્ખે ચોખ્ખો જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન વગર.. જ્ઞાન ન હોય તો ? કલ્પના તો કરો. જેમ આપણે ત્યાં હિન્દીમાં કહેવત છે કે 'આપ મૂઆ તો ડૂબ ગઈ દુનિયા.' જીવે પોતાની

દુનિયા વસાવી છે, આ મારું કુટુંબ, આ ઘર, આ બધું, પૈસા, સમાજ, આ દેશ... પણ એ દુનિયા ક્યાં સુધી ? જીવે છે ત્યાં સુધી. મરી ગયા પછી એની કોઈ દુનિયા છે ? એમ આ બધું છે, એ તો જ્ઞાન છે એટલે છે. જ્ઞાન જ ન હોય તો ? એને પ્રકાશે છે કોણ ? જ્ઞાન. આવો અત્યંત પ્રકાશમાન જ્ઞાનનો પિંડ આત્મા, એ એના સ્વયંના અનુભવનું અત્યંત કારણ છે, જોરદાર કારણ છે, બળવાન કારણ છે. એમ લેવું છે. જો એ બળવાન કારણ છે તો તને કેમ અનુભવાતો નથી ? એમ કહેવું છે. જેમ પેલા ચંદ્રને વિષે પ્રશ્ન કર્યો કે સામાન્ય વાદળા છે એમાં આવડો મોટો ચંદ્ર તને દેખાતો નથી. મોટો થાળી જેવડો. એમ આ અત્યંત અનુભવનું કારણ છે ને કેમ અનુભવાતું નથી ?

મુમુક્ષુ :– ભાઈશ્રી ! અહીંયાં આપે બે વાત લીધી. એક તો જાણનારને જાણવો અને એક જ્ઞાનને અનુભવવું. એ બેયને કઈ રીતે...?

પૂજ્ય ભાઈશ્રી :– બેય પ્રક્રિયા થઈ રહી છે. બેય પ્રક્રિયા થઈ રહી છે. પ્રશ્ન એટલા માટે ઊઠે છે કે આ કઈ રીતે જોવું ? તો કહે, એક વખત પર તરફ જોવાનું બંધ કર. એક માણસ સમુદ્ર કિનારે સમુદ્ર તરફ પીઠ રાખીને ઊભો છે. પછી એમ પૂછે છે કે જો સમુદ્ર બહુ મોટો હોય, અગાધ પાણીવાળો હોય તો એક ટીપું તો મને દેખાવું જોઈએ ને. મને તો ટીપું પણ દેખાતું નથી. ત્યારે શું કહે ? તારી પીઠ પાછળ છે એટલે તને નથી દેખાતું. તું કિનારે એવી રીતે ઊભો છો કે તારી પીઠ પાછળ મોટો સમુદ્ર છે. તને સમુદ્ર બિલકુલ ન દેખાય એ બરાબર છે. તું પોતે ફરી જા. સમુદ્રની ક્યાંયથી લાવવો પડશે નહિ. દરિયો તો પોતામાં ડોલે જ છે.

આગળ એમ લીધું છે, **'પર તરફ જોતાં...'** જીવ પર તરફ કેવી રીતે જોઈ રહ્યો છે ? **'પોતામાં પોતાને નહિ જોતા...'** એવી રીતે પર તરફ જોઈ રહ્યો છે. કેવી રીતે ? પર તરફ એવી રીતે જોઈ રહ્યો છે કે પોતામાં પોતાને જોવાનું ઠામુકું બંધ કરીને. પેલો જેમ પીઠ કરીને સમુદ્ર કિનારે ઊભો છે એવી રીતે. પર તરફ એકાંતે પરલક્ષથી એવી રીતે જોવે છે કે પોતે પોતાને પોતામાં જોતો નથી.

મુમુક્ષુ :– લક્ષનું જે દૃષ્ટાંત આપ જે આપો છો કે આ ઝાડને જાણ્યું એમાં બીજું શું થયું ? કે એ પોતાને ભૂલીને જાણે છે. આપ કહો છો ને કે કેવળજ્ઞાનમાં પણ વૃક્ષ જણાય છે અને (અહીંયાં) આત્મામાં વૃક્ષ જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એકાંતે જોવે છે. જે તે જ્ઞેયોને એકાંતે જોવે છે. પોતાને ભૂલીને.

**'પર તરફ જોતાં અર્થાત્ પોતામાં પોતાને નહિ જોતાં, પણ પોતામાં પર ન હોવા છતાં – પરને જોતાં...'** પોતામાં પર ન હોવા છતાં પરને પોતામાં જોવે છે. કેવી રીતે ? બહાર અવાજ આવવા માંડ્યો. શાંતિથી સ્વાધ્યાય કરીએ છીએ, શાંત વાતાવરણમાં. બહારમાં જોર જોરથી અવાજો આવવા માંડ્યા. ક્યાં અવાજ આવ્યો ? અવાજ તો અવાજના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. અનુભવ ક્યાં કર્યો ? કે મારામાં કાંઈક ડખલ કરે છે. મારામાં ડખલ કરે છે. એમાં એ અવાજ કોઈ જોર જોરથી (કહે કે), એય...! બહાર નીકળ. નીકળ બહાર તું, તું બહાર નીકળ, એકવાર તું બહાર નીકળ. એમ કહે તો ? આખુ બધું અંદર ગરી ગયું. બધો અવાજ જાણે અંદર ગરી ગયો. એવી રીતે પર સામે જોવે છે. પર સામે જોવે છે એમાં જીવ એવી રીતે જોવે છે કે જાણે પરનો પોતામાં પ્રવેશ થઈ ગયો.

પોતામાં પરને જોતાં... એટલે શું થયું છે કે પરના પ્રતિભાસમાં પરના અસ્તિત્વનો ભ્રમ થવાથી જાણે એ અવાજનું અસ્તિત્વ મારામાં છે, એવો ભ્રમથી પોતાને અધ્યાસ થાય છે. **'પોતે પોતાની વિદ્યમાનતાને ભુલે છે.'** જ્ઞાનમયપણે પોતાની જે વિદ્યમાનતા છે. જ્ઞાનમયપણે પણ કેવા જ્ઞાનમયપણે ? ભિન્ન જ્ઞાનમયપણે પોતાની જે વિદ્યમાનતા છે એને ભૂલે છે. વિદ્યમાનતા તો ભિન્ન જ્ઞાનમયપણે છે. એને ભૂલી જાય છે. આ કેવી ગડબડ થાય છે, કેવી રીતે ગડબડ થાય છે. એમાં પણ જે જીવો Tensionમાં આવે છે ને ? એ એવા ગૂંચવાયેલા હોય છે, એવા ગૂંચવાયેલા છે કે જાણે એ જ્ઞેયોમાં

ડૂબી ગયા, જ્ઞેયોમાં ડૂબી ગયા. જ્ઞેયોમાં શું ચિંતામાં ડૂબી ગયા.

ફરીથી, **'પર તરફ જોતાં અર્થાત્ પોતામાં પોતાને નહિ જોતાં, પણ પોતામાં - પર ન હોવા છતાં – પરને જોતાં...'** પર તરફ કેવી રીતે જોવે છે કે પોતામાં પરને જોતાં. પર પોતામાં નથી છતાં. જાણે પોતામાં પરનું અસ્તિત્વ છે એવો ભ્રમ થવાથી પોતે પોતાની વિદ્યમાનતાને–ભિન્ન જ્ઞાનમય એવી જે વિદ્યમાનતા છે એને ભૂલે છે.

**'પરંતુ...'** છતાં પણ. હવે અહીંયાં એક વાત વિશેષ લેવી છે. **'અનુભવગોચર થતું સ્પષ્ટ ચૈતન્ય,...'** અનુભવગોચર થતું સ્પષ્ટ ચૈતન્ય. બીજો અનુભવ થતો નથી, થઈ શકતો પણ નથી. અસંભવિત અને અશક્ય છે. જરાક ધ્યાનથી જોવાની જરૂર છે. તો માલૂમ પડશે કે **'અનુભવગોચર થતું સ્પષ્ટ ચૈતન્ય, તે જીવનું સ્વરૂપ, તે જીવ પ્રત્યે (પોતા પ્રત્યે) ઉપયોગ વાળતાં...'** એટલે પોતા પ્રત્યે ઉપયોગ વાળતા **'પ્રગટ દેખાય છે...'** ('શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક), ૪૩૭, ૪૩૮ બેયમાં એક જ વિષય લીધો છે ને ? 'બનારસીદાસ'ના પદથી. એક જ વિષય લીધો છે. 'સમતા, રમતા, ઊર્ધ્વતા, જ્ઞાયકતા, સુખભાસ'. એવી વાત કરી. એમાંથી આ છે.

**'અનુભવગોચર થતું સ્પષ્ટ ચૈતન્ય, તે જીવનું સ્વરૂપ, તે જીવ પ્રત્યે (પોતા પ્રત્યે) ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે...'** દેખાય છે એટલે પ્રગટ **'વેદાય છે. પોતે પોતાથી પરોક્ષ શી રીતે રહેવા યોગ્ય છે ?'** પ્રશ્ન ઉઠાવ્યો છે કે પોતે પોતાથી પરોક્ષ કઈ રીતે રહેવા યોગ્ય છે ? જે પ્રગટ છે, પોતાથી પોતાને અનુભવગોચર છે. સ્વસંવેદ્યમાન છે. **'પોતે તો પ્રત્યક્ષ જ છે.'** પોતે તો પ્રત્યક્ષ જ છે. પ્રગટ છે અને પ્રત્યક્ષ જ છે.

**'પ્રત્યક્ષને પ્રત્યક્ષપણે જોતા...'** પ્રત્યક્ષને પ્રત્યક્ષપણાની રીતે જોતાં **'વેદન પ્રત્યક્ષતા આવિર્ભૂત થાય છે.'** આ વિધિનો વિષય કેવી રીતે છે. અનુભવની વિધિનો વિષય આ પ્રકારે છે. **'અનંત જ્ઞાનીઓ પ્રતીતિમાં પોતાને પ્રત્યક્ષ કરી કરીને અજરઅમર થયા. આ સ્વમાં અભેદ જ્ઞાનનો પ્રયોગ છે.'** ભેદજ્ઞાનના પ્રયોગની વાત ચાલે છે. ભેદજ્ઞાન શબ્દ છે એ પર સાપેક્ષ છે. પરથી અને રાગથી ભિન્નપણું કરવાની વાત છે. પણ એ ભેદજ્ઞાનનું ફળ અભેદજ્ઞાન છે. પોતાનો જે પ્રત્યક્ષ અનુભવ થવો એ ભેદજ્ઞાનનું ફળ છે. એટલે એ અભેદ જ્ઞાન છે. ભેદજ્ઞાનમાંથી ક્યાં આવ્યો ? અભેદ જ્ઞાન સુધી. વિષય થોડો અઘરો પડે એવો છે. અધ્યાત્મનો વિષય બહુ સારો છે.

ફરીથી, **'જે એકરૂપ જ્ઞાનાકારે પ્રગટપણે પ્રકાશમાન છે,...'** જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞપણું સામાન્યજ્ઞાન લ્યો. એ એકરૂપ જ્ઞપણું છે એ જ જીવનું સ્વરૂપ છે. જે પ્રગટપણે પ્રકાશમાન છે. પ્રકાશ એટલે વેદનમાં આવે એવું પ્રકાશમાન છે. અનુભવમાં આવે એવું પ્રકાશમાન છે.

મુમુક્ષુ :– પરમ નિધાન પ્રગટ મુખ આગળ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'આનંદઘનજી'એ ગાયું છે ને ? 'પરમ નિધાન પ્રગટ મુખ આગળ, જગત ઉલ્લંઘી જાય જિનેશ્વર, જ્યોતિ વિના જુઓ જગદીશને, અંધોઅંધ પલાય જિનેશ્વર, પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન જિનેશ્વર, હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન જિનેશ્વર.' નિહાળે તો મહિમા મેરુ સમાન છે.

મુમુક્ષુ :– મહિમા મેરુ સમાન છે એ ગુરુ માટે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, પોતાના સ્વરૂપ માટે છે. પોતાના સ્વરૂપને જોવે.. 'હૃદય નયણ નિહાળે જગધણી' જગધણી એટલે પોતાનો આત્મા. ત્રણ લોકનો નાથ છે. જગધણી એટલે ત્રણ લોકનો નાથ છે. એને હૃદય નયણથી નિહાળે–અંતર્મુખ થઈને નિહાળે તો એને કેટલો મહિમા આવે ? મેરુ જેટલો મહિમા આવે.

મુમુક્ષુ :– 'પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે'..

પૂજ્ય ભાઈશ્રી :– ઇ વગર તો દેખાય એવું નથી. આંખમાં આંજણ એમણે આંજ્યું. મુમુક્ષુની આંખમાં આંજણ સદ્ગુરુએ આંજ્યું ત્યારે એને દેખાણું. નહિતર તો દેખાય એવું નથી. દેખાડનાર કાંઈ દેતા નથી, ખાલી આંગળી ચીંધે છે. દેખાડનાર કાંઈ દેતા નથી, આંગળી ચીંધે છે. પણ જેને જોઈને લાભ થાય છે, જોવાનો

પુરુષાર્થ પોતાનો છે, જેને જોઈને લાભ થાય છે એને ઉપકારબુદ્ધિ પણ પાર વિનાની આવે છે. ઉપકારબુદ્ધિ કેટલી થાય ? કે જેનો પાર નહિ એટલી થાય. બેહદ ઉપકારબુદ્ધિ થાય.

કેમ બેહદ ઉપકારબુદ્ધિ થાય ? કે એને પોતાને પ્રતીતમાં આવ્યું, વિશ્વાસમાં આવ્યું, અનુભવમાં આવ્યું કે મને અનંતો લાભ થયો. મને લાભ પણ અપાર થયો. મારો આખો સંસાર છૂટ્યો, ચારે ગતિના દુઃખોનો અને હું તો હવે પરમેશ્વરપદે બિરાજમાન થઈશ. નજીકના ભવિષ્યમાં પરમાત્મપદે બિરાજમાન થઈ જઈશ.

મુમુક્ષુ :– લાભનો ક્યાંય છેડો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– અનંતો લાભ થયો. અનંતુ દુઃખ ગયું અને અનંતુ સુખ આવશે. એટલે એ સંબંધીનો ઉપકાર પણ અનંત ભાસે છે. એ યોગ્ય જ છે. એમ ન થાય, એવી ઉપકારબુદ્ધિ ન આવે તો જીવની કૃતઘ્નતા સમજવી. કૃતઘ્ન શબ્દ નથી સમજતા ? કોઈ કાંઈ કામ કરે એને સાટું વાળવાને બદલે કંઈ ગણવું નહિ, એની કિંમત ન કરવી. એને કૃતઘ્ન કહે છે. કૃતઘ્નપણું.

મુમુક્ષુ :– ઉપકારને બદલો અપકાર કર્યો

પૂજ્ય ભાઈશ્રી :– અપકાર તો એથી વધારે ખરાબ છે. આ તો કાંઈ ન ગણે. શું થઈ ગયું ? તમે મારું કામ કર્યું. જેમકે તમને ડૂબતા બચાવ્યા. કાંઈ નહિ, એમાં શું થઈ ગયું ? તો એ કેવું લાગે ? એ કૃતઘ્નપણું થયું. કર્યું છતાં એને હણી નાખ્યું. ઘ્ન એટલે હણવું. શબ્દ આવે છે ને ? 'શત્રુઘ્ન' શબ્દ નથી આવતો ? શત્રુને હણે તે શત્રુઘ્ન. આત્મા શત્રુઘ્ન છે. અરિહંત છે એમ શત્રુઘ્ન પણ છે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! જ્ઞાનીના માર્ગમાં આવી રીતે જાગીને જે પોતાનું સ્વરૂપ બતાવે એને તો હમેશાં ઉપકારબુદ્ધિ વધતી જાય, એને કૃતઘ્નતા નહિ આવતી હોય, એવું ન બને ભાઈશ્રી ?

પૂજ્ય ભાઈશ્રી :– યથાર્થમાં તો કૃતઘ્નતા ન આવે, યથાર્થમાં તો કૃતઘ્નતા ન આવે. અને પોતાને અનંતો લાભ થવાનો હોય એને અનંત ઉપકાર આવે એમાં શું મોટી વાત છે ? સ્વાભાવિક છે.

ફરીને, **'જે એકરૂપ જ્ઞાનાકારે પ્રગટપણે પ્રકાશમાન છે,...'** આ દેખાડે છે, આત્માને દેખાડે છે કે જો, એકરૂપ જ્ઞાનાકારે તું પ્રગટપણે પ્રકાશમાન છો. **'જે સર્વદા અચળ અને નિરાબાધ રહે છે,...'** તારા સ્વરૂપથી ચલાયમાન થતો નથી, મટી જતો નથી, તને કોઈ બાધા પહોંચાડી શકે એવી કોઈની પહોંચ નથી. તારા સ્વરૂપ સુધી કોઈની પહોંચ નથી.

**'તે જીવનું સ્વરૂપ જ્ઞાયકપણું...'** છે. જ્ઞાયકપણાથી પ્રસિદ્ધ છે. તે **'અત્યંત અનુભવનું કારણ છે,...'** પોતાને પોતાનો અનુભવ થાય એનું બહુ જોરદાર કારણ છે. **'પર તરફ જોતાં અર્થાત્ પોતામાં પોતાને નહિ જોતાં, પણ પોતામાં - પર ન હોવા છતાં – પરને જોતાં પોતે પોતાની વિદ્યમાનતાને ભૂલે છે.'** પોતે પોતાની જ્ઞાનમય, ભિન્ન જ્ઞાનમય વિદ્યમાનતા છે એને ભૂલી જાય છે, ચુકી જાય છે. **'પરંતુ...'** પોતે પોતાની વિદ્યમાનતાને આ પ્રકારે ભુલેલો છે, તોપણ ...

**'અનુભવગોચર થતું સ્પષ્ટ ચૈતન્ય,...'** એકલું જ્ઞાન. અનુભવગોચર થતું સ્પષ્ટ ચૈતન્ય. નિર્ભેળ જ્ઞાન. કોઈ એમાં ચોંટી શકતું નથી. અસંગ તત્ત્વ છે. સદાય અસંગ તત્ત્વ છે, સદાય નિર્લેપ તત્ત્વ છે. એવું જે જીવનું સ્વરૂપ **'તે જીવ પ્રત્યે (પોતા પ્રત્યે) ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે...'** મોઢું ફેરવવું પડે. આ બાજુ છે ઉપયોગ (તેને) સ્વરૂપ સન્મુખ–પોતાની સન્મુખ–કરવો જોઈએ. એ જ અંતર્મુખપણું છે, એ જ અંતર્મુખપણું છે. જે કાંઈ રહસ્ય છે એ આ જગ્યાએ છે.

અંતર્મુખ થવું કઈ રીતે ? અંતર જિજ્ઞાસામાંથી આ પ્રશ્ન ઊઠે તો વેદ્ય-વેદકભાવ સમજાય, નહિતર ન સમજાય. ક્યાંથી જિજ્ઞાસા આવવી જોઈએ ? અંદરમાંથી આવવી જોઈએ. મારે અંતર્મુખ થવું કઈ રીતે ? જો ! તારું જ્ઞાન વેદક છે. જ્ઞાનને પોતાને જ જ્ઞાન વેદે છે. સ્વસંવેદ્યમાન છે. જ્ઞાન કેવું છે ? સ્વસંવેદ્યમાન છે. પોતે પોતાથી વેદનમાં આવે એવું છે. અને વેદક પણ પોતે છે. વેદક જ વેદાય રહ્યું છે. વેદાય રહ્યું છે તે જ વેદક છે. અને એ પણ કેટલું છે ? અનંતુ છે. કેમ અનંતુ છે ? કે અનંત કાળથી પરવેદનનો અધ્યાસ ચાલુ રહ્યો

હોવા છતાં જ્ઞાનવેદનમાં કાંઈ ફેર પડ્યો નથી. માટે એ પણ અનંતુ છે. એ વેદ્ય-વેદકભાવમાં ઉપયોગ અંતર્મુખ રહે છે. ઉપયોગ ક્યાં અંતર્મુખ રહે છે ? વેદ્ય-વેદકભાવમાં. પોતે જ પોતાથી વેદાય રહ્યું છે. પોતે જ પોતાથી વેદાય રહ્યું છે એમ પોતાના વેદનને અનુભવમાં લ્યે ત્યાં ઉપયોગ કેવી રીતે બહાર જાય ? જે જ્ઞાનવિશેષ પરજ્ઞેયોના આકારોને ઝીલતું હતું, તે જ જ્ઞાનવિશેષ જ્ઞાનસામાન્ય ઉપર આવી ગયું. એટલે ઉપયોગ થઈ ગયો અંતર્મુખ, વળી ગયો.

એ રીતે ઉપયોગ વાળતા પ્રગટ દેખાય છે અથવા પ્રગટ વેદાય છે, પ્રગટ અનુભવમાં આવે છે. અને ત્યારે સ્પષ્ટપણે માલૂમ પડે છે કે **'પોતે પોતાથી પરોક્ષ શી રીતે રહેવા યોગ્ય છે ?'** પોતે પોતાથી પરોક્ષ શી રીતે રહેવા યોગ્ય છે ? સૂર્યને કેવી રીતે ઢાંકવો જોઈએ ? કહો. આકાશમાં સૂર્ય છે. કોઈ એમ કહે કે એને ઢાંકી દ્યો. છે કોઈ સાધન ? એવો આ જ્ઞાનસૂર્ય છે. એ પરોક્ષ શી રીતે રહેવા યોગ્ય છે ? **'પોતે તો પ્રત્યક્ષ જ છે...'** પોતે તો સ્વરૂપે કરીને પ્રત્યક્ષ છે, સ્વરૂપે કરીને અત્યંત પ્રત્યક્ષ છે અને અનંત પ્રત્યક્ષ છે.

૭૧૦ પત્રમાં 'કૃપાળુદેવે' એ વાત લીધી છે. આત્મા છે, આત્મા પ્રગટ છે, આત્મા અત્યંત પ્રગટ છે. એટલું વચન છે. વચનામૃત ટૂંકું છે. આત્મા છે, આત્મા પ્રગટ છે, આત્મા અત્યંત પ્રગટ છે. કેમકે સ્વસંવેદન પ્રગટપણે અનુભવગોચર થઈ રહ્યું છે. કેવા ટુકડા મૂક્યા છે ! અમૃતના ઘુંટડા ઉતારે એવી વાત છે.

**'અનંત જ્ઞાનીઓ...'** એટલે બધા જ જ્ઞાનીઓ **'પ્રતીતિમાં પોતાને પ્રત્યક્ષ કરી કરીને અજર અમર થયા.'** 'અનુભવ પ્રકાશ'માં એ વિષય છે. પોતાની પ્રતીતિમાં પ્રત્યક્ષ કરે, વારંવાર પ્રત્યક્ષ કરે. પ્રત્યક્ષ છે એને એની પ્રત્યક્ષતાને વારંવાર પ્રતીતિમાં પ્રત્યક્ષ કરે. પ્રતીતિથી જોર આપે. પ્રત્યક્ષતા ઉપર જોર આપે. જન્મ-મરણનો નાશ થઈ જશે, અજરઅમર થઈ જાય.

આ પ્રકારનું જે પરિણમન છે તે **'સ્વમાં અભેદજ્ઞાનનો પ્રયોગ છે.'** પોતામાં અભેદજ્ઞાનનો આ પ્રયોગ છે. એ પ્રયોગ એટલે પોતાના પરમાત્માનો સાક્ષાત્કાર. પોતાના પરમાત્માનો સાક્ષાત્કાર છે. જગત તો જગતની રીતે ચાલે છે અને ચાલતું જ રહેવાનું છે. Shutter પાડી દેવું. જગતને જોવાનું Shutter પાડી દેવું. આમ જ ચાલવાનું છે. આમ ચાલતું હતું, આમ ચાલવાનું અને આમ જ ચાલતું રહેશે. તું એક કોર તારી જાતને તારવી લે. તું પોતે તારી જાતને એક કોર તારવી લે. આવો સુયોગ મળ્યો છે અને છેલ્લી હદની વાત સામે આવી છે, તરી જાય એવી. જીવ તરી જાય એવી વાત છે. તું તારી જાતને તારી લે. નહિતર પરમાં પોતાપણાનો અનુભવ કરીને દુઃખી, દુઃખી થઈ જઈશ. પરમાં પોતાપણાનો ને કાં પોતામાં પરનો અનુભવ કરીને દુઃખી, દુઃખી થઈ જઈશ. Tension તો એનું જ છે ને. પોતામાં પરનો અનુભવ ઇ જ Tension છે. નહિતર આત્માને શું ? આત્માને શું ? એટલે મારે શું ? સીધું એમ આવે. જે કાંઈ ફેરફારો થાય છે ઇ બહાર થાય છે.

'સમાધિ તંત્ર'માં તો 'પૂજ્યપાદસ્વામી'એ એવી વાત લીધી છે કે, જગતના જીવો તો મને જોઈ શકતા નથી. કેમકે હું અરૂપી પદાર્થ છું. અને જગતના જીવો પાસે જે ઇન્દ્રિયજ્ઞાન છે એ તો રૂપી પદાર્થને જોવાનું છે. એ તો રૂપ, રસ, ગંધ, સ્પર્શને જોવે છે. મને તો કોઈ જોઈ શકતા નથી. જોવે છે ઇ શરીરના પૂતળાને જોવે છે, એ તો હું છું નહિ. પછી મારે શું કોઈ વાતથી ? કાંઈ નહિ. કોઈપણ જાતનો સંબંધ આ આત્મા કોઈની સાથે ધરાવતો જ નથી ને. અસંગ તત્ત્વ છે. એ રીતે પોતાના સ્વરૂપને અવલોકી અવલોકીને, પ્રત્યક્ષ કરી કરીને પુરુષાર્થને ઉગ્ર કરવો જોઈએ. આ રીતે જ પુરુષાર્થ ઉગ્ર થાય છે, તીવ્રતા ધારણ કરે છે. અહીં સુધી રાખીએ....

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

જીવને અનાદિથી વિષય–તૃષ્ણાનો રોગ છે - મહારોગ છે. જેને આત્માના સહજ સુખનો અનુભવ / સ્વસંવેદનરૂપ આસ્વાદ જ શાંત કરી શકે છે. ત્રણે કાળે આ એક જ ઇલાજ છે. (૨૧)

પ્રતીતિ અનુસાર ઉપયોગની પ્રવૃર્તના છે, તેથી ચળ અનિત્ય પદાર્થની હું પણે પ્રતીતિ જીવને હોવાથી, ઉપયોગ નિરંતર ચળરૂપ (ચંચળતાવાળો) રહ્યા કરે છે. ઉપયોગ ચળરૂપ દ્રવ્યભાવો પ્રત્યે અવલંબિત રહ્યા કરે છે. તેથી સ્થિરત્વ થઈ શકતું નથી; તેમજ અચળ (નિત્ય) પદાર્થની ત્યાં પ્રતીતિ થતી નથી. 'અચળ પદાર્થની સમ્યક્ પ્રતીતિ ઉપયોગના સ્થિરત્વનું કારણ છે.' જેથી વાસ્તવિક શાંતિ પ્રાપ્ત થાય છે. વિપરીત પ્રતીતિને લીધે ઉપયોગ પણ ભમ્યા કરે છે, જે અશાંતિ અને દુઃખનો અનુભવ કરાવે છે. પ્રતીતિ અનુસાર જ્ઞાન અને આચરણ થાય છે; તેમ છતાં તેવી સમ્યક્ પ્રતીતિ થવા અર્થે જ્ઞાન આરાધના સિવાઈ અન્ય ઉપાય નથી. તેથી જીવે જ્ઞાન આરાધના રૂડા પ્રકારે આરાધવા યોગ્ય છે. (૨૨)

સ્વભાવનો પરિચય જ આત્માની ઓળખાણ, વિશ્વાસ, પ્રતીતિ અને અનુભવનું કારણ છે.(૨૩)

સત્સંગની પ્રાપ્તિ સર્વકાળે દુર્લભ રહી છે. તેમાં પણ આ કાળમાં તો દુર્લભથી દુર્લભ છે. તેવો સત્સંગ પ્રાપ્ત થવા છતાં ફળવાન થતો નથી– તેના કારણો :–

૧. પૂર્વે ગ્રહણ કરેલ / નિશ્ચય કરેલ મિથ્યા અભિપ્રાયનો આગ્રહ (રહે તો -).

૨. જીવે સત્ સમાગમ અત્યંત ગરજવાન થઈને ઉપાસવા યોગ્ય છે. તે પ્રકારના ગરજ ભાવનો અભાવ સ્વચ્છંદના સદ્ભાવને લીધે હોય છે અને તેથી પ્રાપ્ત સત્સંગ ફળવાન થતો નથી.

૩. સત્પુરુષોનો બોધ અસિધારા સમાન છે. પરંતુ દર્શનમોહના બળવાનપણાને લીધે સત્ સમાગમે સાંભળેલા / ધારેલાં બોધનું પરિણમન થતું નથી. જેને અત્રે પ્રમાદ કહેવામાં આવે છે. પ્રમાદકાળે સાંભળવા મળતો બોધ નીરસ / નિરુત્સાહભાવે શ્રવણ થાય છે તેથી કાળ સાધારણ તત્ત્વવિચાર અને મંદ કષાયની પ્રવૃત્તિમાં નિર્ગમન થઈ જાય છે. પરંતુ સત્સંગનું ફળવાન પણું ત્યાં થતું નથી–અર્થાત્ આત્મા બોધ પામતો નથી. (તેથી પરમ પ્રસન્ન ચિત્તથી સત્નું શ્રવણ થવા યોગ્ય છે.)

૪. ઇન્દ્રિય વિષયો પ્રત્યે સહજ નીરસતા સત્સમાગમે થવા યોગ્ય છે; કારણ સત્સમાગમમાં અતીન્દ્રિય

ચૈતન્ય રસ - નિર્વિકાર સ્વભાવની ભાવનાનો વારંવાર આવિર્ભાવ થવાનો (તે) પ્રસંગ છે. તેમ છતાં વિષયોની ઉપેક્ષા ન થાય ત્યાં સુખબુદ્ધિએ તીવ્ર દર્શનમોહ / આસક્તિ પ્રવર્તે છે, જે સત્સંગને સફળ થવા દેતી નથી. અથવા,

૫. સત્સંગમાં એક નિષ્ઠા અને અપૂર્વભક્તિનો જેટલે અંશે અભાવ તેટલું સત્સંગનું અફળપણું થાય છે. (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક - ૬૦૯ ના આધારે). (૨૪)

જ્યારે મન સંદેહ - શંકા યુક્ત થાય, ત્યારે દ્રવ્યાનુયોગ વિચારવા યોગ્ય છે.

મન પ્રમાદી થાય ત્યારે ચરણાનુયોગ, કષાયયુક્ત થતાં કથાનુયોગ અને જડ - સુસ્ત થતાં કરણાનુયોગ વિચારવા યોગ્ય છે. (૨૫)

જગતમાં મોહાસક્તિના નિમિત્તો, વૈભવ-વિલાસનાં સ્થાનો, જેને અંતઃકરણમાં વિશેષ વિશેષ વૈરાગ્યનાં ઉત્પાદક (નિમિત્ત) થાય છે; અહો ! તેવા વસ્તુ સ્વરૂપના જ્ઞાનવાન મહાત્માઓ વંદનીય છે. (૨૬)

ધ્યાન એ આરાધનાનું ઉત્કૃષ્ટ અંગ છે, તે સર્વ સમ્મત છે. પરમપદનું ધ્યાન પરમપદની પ્રાપ્તિનું અનન્ય કારણ છે. એવું જે ધ્યાન તે સત્પુરુષોના ચરણ કમળની વિનયોપાસના વિના થઈ શકતું નથી. - આ ઉત્કૃષ્ટ રહસ્યમય નિર્ગ્રંથ વીતરાગ પ્રવચન છે. (૨૭)

આ સંસારની જંજાળ વિષમ પરિણામોનું નિમિત્ત છે. તેવા આ સંસારના પ્રસંગોમાં, સ્વરૂપે કરીને પોતાની ભિન્નતા અવલોકતા / અનુભવતાં સમતા રહે તે જ આત્મચિંતન છે. (૨૮)

અનેકાંત વસ્તુને પરથી અસંગ બતાવે છે અને સ્વપણે 'સત્' બતાવે છે. સ્વતંત્ર વસ્તુના અસંગપણાની 'સ્વતંત્ર શ્રદ્ધા' અસંગપણાની ખીલવટનો ઉપાય છે. અર્થાત્ 'અસંગ સ્વતત્ત્વ' ની શ્રદ્ધા અસંગપદને પ્રગટ કરે છે - અસંગતાનો સંપૂર્ણ વિકાસનું મૂળ 'અસંગ તત્ત્વ'ની શ્રદ્ધા છે. (૨૯)

મહાન સંત મુનિશ્વરોએ, અંતરમાં વહેતા સ્વભાવ - અમૃતને પરમાગમોમાં વહેતાં મૂક્યા છે. શાંત પરિણામે પરિષહોને વેદતાં 'પરમ સત્' ને જીવંત રાખ્યું છે. પવિત્ર ધર્મ / માર્ગને આ કાળમાં ટકાવી રાખવા આકાશના સ્તંભ થઈને ગજબ કામ કર્યું છે. અહો ! તેમનાં કથનમાં કેવળજ્ઞાનનાં / પૂર્ણતાનાં ભણકાર સંભળાય છે !! પદે પદે અત્યંત ગંભીર રહસ્ય ભરેલું છે ! આના સંસ્કાર પણ અપૂર્વ ચીજ

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૬ ઉપર)**



## દ્રવ્યદ્દષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી દ્દષ્ટિનું પરિણમન અને દ્દષ્ટિના વિષય ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ' કેવી સુંદર વાત 'શ્રીમદ્‌જી'એ કરી છે ! એક લીટીમાં બધી વાત આવી ગઈ. બસ ભાઈ, તું આટલો જ વિચાર (જ્ઞાન) કર. (૧૯૭)

'હું અધિક છું' તે જ સ્વયંનો માહાત્મ્યભાવ છે. હું કોઈપણ ભાવમાં–વિકલ્પમાં ખસતો જ નથી–તણાતો જ નથી. એવો ને એવો અને જ્યાંનો ત્યાં હરસમય રહું છું. વિકલ્પની સાથે–પરિણામની સાથે ખસતો જ નથી. શું દર્પણનું દળ ક્ષણિક આકારથી ખસી જાય છે ? તેવું ને તેવું જ રહે છે. તેમ હું પણ તેવો ને તેવો જ સદા રહું છું. (૧૯૯)

અરે ભાઈ ! તું એક સમયની પર્યાયમાં આવી જતો નથી. તું તો અનંતી પર્યાયોનો પિંડ છો. જો તું એક પર્યાયમાં આવી જાય તો બીજી બધી પર્યાયો વિધવા થઈ જશે. (૨૦૩)

હું એવો અપરિણામી (ધ્રુવ) પદાર્થ છું કે મને આખા ત્રણ લોકના બધા જ પદાર્થો ભેગા થઈને મને હલાવી શકતા નથી. (૨૦૬)

સાધક–બાધક તો બધું પર્યાયનું જ્ઞાન કરવા માટે છે. વળી સબળાઈ (અનંતવીર્યનાપિંડરૂપ)નાં ચશ્માં લગાવ્યા વિના નબળાઈનું પણ (યથાર્થ) જ્ઞાન થતું નથી. સાધકપણું-બાધકપણું પર્યાયની વાત છે. અમને તો સાધકપણા–બધાકપણાની પણ દરકાર નથી, કેમ કે બાધકપણું (ત્રિકાળીને) નુકશાન કરી શકતું નથી અને સાધકપણું ત્રિકાળીને લાભ કરી શકતું નથી. પછી તેની દરકાર શા માટે ? (૨૦૭)

પર્યાયમાત્રની ગૌણતા કરો. અનુભવ થયો, ન થયો તે ન દેખો. 'ત્રિકાળી વસ્તુ જ હું છું,' પર્યાયમાત્રને ગૌણ કરીને આ તરફનો (અંતરસ્વરૂપનો) પ્રયાસ કરો. અભિપ્રાયમાં એકવાર બધાથી છૂટી જાઓ. (૨૨૮)

ધ્રુવતત્ત્વ પર પગ (દ્દષ્ટિ) રાખો... તો પર્યાયમાં બધું કાર્ય સહજ જ થશે. (૨૩૦)

અહીં (ત્રિકાળીમાં) અહંપણું થતાં મોક્ષ આપોઆપ થઈ જાય છે. દ્રષ્ટિ અહીં અભેદ થઈ તો તે જ મુક્તિ સમજી લ્યો. (૨૩૭)

(વિકલ્પાત્મક) કૃત્રિમ પુરુષાર્થની તો વાત જ શું ? પરંતુ અક્રિય (ચિંદ્‌બિંબની) દ્દષ્ટિમાં તો સહજ પુરુષાર્થની પણ ગૌણતા છે. કારણ કે તે પણ ક્રિયા (એક સમયની પર્યાય) છે. અને અક્રિય (સ્વરૂપ) દ્દષ્ટિમાં ક્રિયામાત્રની ગૌણતા છે. (૨૪૦)

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– આપ સમ્યગ્દર્શન આટલું દૂર છે....આટલું દૂર છે તે કોના જોરે કહેતાં હતાં ?

સમાધાન :– જ્ઞાયકના જોરે કહેતી હતી, જ્ઞાયકના જોરે કહેવાતું હતું. જ્ઞાયકના જોરથી એમ લાગતું હતું કે સમકિત નજીક છે. આ પરિણતિ એવી છે કે ઠેઠ સુધી પહોંચે જ છૂટકો થશે, આ પુરુષાર્થની ધારા એવી છે કે ઠેઠ સુધી પહોંચી જ જાશે. પોતાની ઉગ્રતાના આધારે કહેતી હતી. ક્યારે થશે તે કાંઈ નિશ્ચિત્ત નહોતું લાગતું ને એવી કાંઈ ખબર ન હતી, પણ અંતરના જ્ઞાયકની ઉગ્રતાથી, પોતાની ભાવનાથી, પુરુષાર્થના જોરથી કહેતી હતી. **(સ્વાનુભૂતિદર્શન-૩૧૪)**

પ્રશ્ન :– ચોથા ગુણસ્થાને ધ્યાનમાં બેસે ત્યારે જ નિર્વિકલ્પ દશા થાય એમ ખરું ને ?

સમાધાન :– ધ્યાનમાં બહારથી બેસે યા ન બેસે, કોઈવાર બહારથી બેસે અને ધ્યાન થાય, કોઈવાર બહારથી ન બેસે તો પણ ધ્યાન થાય. જ્ઞાતાનું અસ્તિત્વ જે એણે ગ્રહણ કર્યું છે, જ્ઞાયકની ધારા જે વર્તે છે એટલી એકાગ્રતા તો તેને ચાલુ જ છે, એટલે તે પ્રકારનું ધ્યાન તો તેને છે જ. ધ્યાન એટલે એકાગ્રતા. તો તે જાતની એકાગ્રતા તેને છૂટી જ નથી, અમુક પ્રકારની એકાગ્રતા તો તેને છે જ. તે એકાગ્રતામાં કોઈ વિશેષતા પણ બહારથી શરીર ધ્યાનમાં બેસે તો જ થાય એમ નથી, એવું બંધન નથી. **(સ્વાનુભૂતિદર્શન-૩૧૫)**

પ્રશ્ન :– એકવાર નિર્વિકલ્પ દશા આવ્યા પછી અમુક કાળ તેની રાહ જોવી પડે એવું નહિ ?

સમાધાન :– એની રાહ કાંઈ જોવાની હોતી નથી. જેને અંતર ભેદજ્ઞાનની દશા ચાલુ છે તેને અમુક ટાઈમે તે દશા થયા વગર રહેતી જ નથી. સમયનું બંધન નથી, અંતરની દશા છે. ભેદજ્ઞાનની ધારા વર્તે જ છે તેથી તેને થયા વગર રહેતી જ નથી. જે અંતરમાંથી ન્યારો થયો, તેનો ઉપયોગ બહાર ગયો હોય તે અંતરમાં પાછો આવ્યા વગર રહેતો જ નથી. કેમકે ઉપયોગને બહારમાં કંઈ સર્વસ્વ છે નહિ. ભેદજ્ઞાનની ધારા વર્તે છે ને પોતે ક્ષણે ક્ષણે ન્યારો વર્તે છે. ન્યારી પરિણતિ તો હતી જ, ઉપયોગ પલટાઈ જાય છે. જેવી પરિણતિ છે તેવો ઉપયોગ થઈને પાછો આવ્યા વગર રહેતો નથી. ઉપયોગ બહાર જાય છે તો પરિણતિની દોરી ઉપયોગને પાછો વાળ્યા વગર રહેતી નથી.



જ્ઞાયકરૂપે ભેદજ્ઞાનની ધારાની પરિણતિ નિરંતર ક્ષણે ક્ષણે સહજપણે ચાલ્યા કરે છે. તે પરિણતિની દોરી ન્યારી છે. તે ઉપયોગને ત્યાં (બહારમાં) ટકવા દેતી નથી, અમુક ટાઈમે ઉપયોગને પાછો જ લાવે છે ને સ્વરૂપમાં લીનતા-નિર્વિકલ્પ દશા-થયા વગર રહેતી જ નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૩૧૬)**

પ્રશ્ન :– જ્ઞાનીની અંતરંગ દશા એટલી મજબૂત હોય છે કે ઉપયોગની લાચારી નથી કરવી પડતી ?

સમાધાન :– જ્ઞાનીને ઉપયોગની લાચારી નથી કરવી પડતી. તેની દશા જ એવી છે કે તેને અમુક પ્રકારની શાંતિ અને હૂંફ રહે જ છે. પોતે એકત્વબુદ્ધિએ વર્તતો નથી. ન્યારો જ વર્તે છે. તેની ન્યારી પરિણતિ જ ઉપયોગને પાછો લાવે છે. ઉપયોગ બહાર લાંબો ટાઈમ ટકી શકતો નથી. તે ઉપયોગ પાછો પોતાના સ્વરૂપમાં લીન થયા વગર રહેતો જ નથી. તેની ન્યારી પરિણતિ જ ઉપયોગને પાછો લાવે છે. તેને નિર્વિકલ્પ દશાની વાટ જોઈને બેસવું પડતું નથી. તેને કોઈ શંકા પડતી નથી. પરિણતિ જ ઉપયોગને પાછો ખેંચી લાવે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૧૭)**




## ૧૮૭

મુંબઈ, માગશર ૦)), ૧૯૪૭

**'પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરું છું.'**

પત્રના આ મથાળામાં, અનુભવમાં આવેલા નિજાત્મસ્વરૂપને અભેદ નિર્વિકલ્પ અપૂર્વ સમાધિમાં અનુભવીને, અનુભવરૂપ સ્મરણ કરેલ છે.

**'છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે... એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ (મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે; અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે; પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે; અને એ ઉત્પન્ન કરવાની (તેમ) આકાંક્ષા રહી નથી, છતાં ઉત્પન્ન કેમ થશે ? એ વળી આશ્ચર્યકારક છે ! પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાન તો ઉથ્પન્ન થયું જ છે; અને એ સમાધિમાંથી નીકળી લોકાલોકદર્શન પ્રત્યે જવું કેમ બનશે ? એ પણ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે !'**

અંતર્મુખ અતીન્દ્રિયજ્ઞાનમાં, કેવળજ્ઞાનમાં જેવું પૂર્ણ આત્મસ્વરૂપ જ્ઞેય થાય છે તેવું જ, અનુભવમાં આવ્યું છે અને અનુભવપૂર્વક સમજાયું છે. તેમાં અળ્પપણ વિપરીતતા રહી નથી, વસ્તુ-સ્વરૂપ જેમ છે તેમ સમજાયું છે. સર્વ પ્રત્યક્ષનો એકદેશ બાદ કરતાં અનુભવ પ્રત્યક્ષ સર્વ અનુભવાયું છે. સર્વ પ્રત્યક્ષ થવા અર્થે પોતાને જ્ઞાનમાં યથાર્થપણે છે કે તે માટે સર્વ સંબંધોથી અસંગ થઈ મુનિ દશામાં વનવાસમાં રહેવાની આવશ્યકતા છે અને તેમ થયે સર્વ પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થતાં તે જ્ઞાનમાં લીન રહેવાશે. સાથે સાથે અચિંત્ય એવું લોકાલોકનું જ્ઞાન પણ ઉત્પન્ન થશે. જો કે એવી લોકાલોક જાણવાની આકાંક્ષા રહી નથી, તો પણ તે અવશ્ય ઉત્પન્ન થશે, તેવી પ્રતીતિ વર્તે છે. નિરવશેષ અંતર્મુખ સમાધિમાં રહેવા છતાં લોકાલોકનું દર્શન પણ સાથે સાથે ઉત્પન્ન થાય છે તે એક અચિંત્ય અને આશ્ચર્યકારક ઘટના છે, તેથી તેનો વિકલ્પ મનને થાય છે, પરંતુ સ્વરૂપજ્ઞાનમાં છેવટનું સ્વરૂપ સમજાઈ ગયું હોવાથી આત્માને તેનો વિકલ્પ નથી. સ્વરૂપાનુભવી હું તો મનના ઉક્ત વિકલ્પથી ભિન્ન છું. આવા અલૌકિક પરિણમનને કૃપાળુદેવે પોતાની મૌલિક શૈલીમાં વ્યક્ત કર્યું છે.

**'(કંઈ) મુક્તિયે નથી જોઈતી, અને જૈનનું કેવળજ્ઞાનેય જે પુરુષને નથી જોઈતું, તે પુરુષને પરમેશ્વર હવે ક્યું પદ આપશે ?'**

આત્મભાવમાં, અત્યંત મસ્તદશામાં અને દ્રવ્યદૃષ્ટિના જોરમાં આ વચનો લખાયાં છે. મુક્તિ અને કેવળજ્ઞાનથી પણ પાર એવું આત્મસ્વરૂપ અનુભવાતાં એટલી તૃપ્તિ વર્તે છે કે જેને લીધે હવે કાંઈ પરમાત્મા પ્રત્યે પણ માંગવાની ઇચ્છા શમાઈ ગઈ છે. આ વચનામૃતમાં દ્રવ્યદૃષ્ટિનું રહસ્ય મૂકી દીધું છે, આ રહસ્ય રૂડાજીવને સમજાય છે, બીજાને સમજવું કઠિન પડે છે; તેથી તે વિષે લાંબી વાત લખવી તેઓશ્રીને યોગ્ય લાગી નથી. વળી વિચારયુક્ત લખતાં વિકલ્પ વૃદ્ધિગત થાય અને સ્વરૂપમસ્તીમાં ભંગ પડે, તેવું થઈ શકવા યોગ્ય નથી, તેથી આત્મમસ્તીને લીધે લખવાની બાહ્યવૃત્તિ ઘટી ગઈ છે.

ॐ



હે શશીપ્રભુ ! આપશ્રીની ૮૦ મી જન્મજયંતી પ્રસંગે આપના ચરણકમળમાં ભક્તિપુષ્પ અર્પણ કરી આપને અભિવંદીએ છીએ.

– સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર